# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-08-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશને સ્થાનિક વસ્તુઓને પ્રોત્સાહન આપવા એટલે કે વૉકલ ફૉર લોકલ, આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના મંત્ર સાથે આગળ વધવું પડશે. આજે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું, તહેવારો વચ્ચે દેશવાસીઓએ સ્વદેશીની વાત ભૂલવી ન જોઈએ.**

**(BYTE-VOCAL FOR LOCAL)**

**પ્રધાનમંત્રીએ સુરતના સુરક્ષાકર્મી જિતેન્દ્ર સિંહ રાઠોડનો પણ ઉલ્લેખ કર્યો. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી એ જવાનોની માહિતી એકઠી કરી રહ્યા છે, જેમણે ભારત માતાની રક્ષા માટે પોતાના જીવનું બલિદાન આપ્યું.**

**શ્રી મોદીએ દેશમાં વિવિધ જગ્યાએ આવેલા પૂર અને ભૂસ્ખલનનો ઉલ્લેખ કરતાં દુઃખ વ્યક્ત કર્યું અને બચાવકાર્યની પ્રશંસા કરી.**

**મન કી બાતનો કચ્છી ભવાનુવાદ આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી રજુ થશે.**

**------------------------------------------------------------------------------------------**

## SCO-શિખર સંમેલન:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન SCO શિખર સંમેલન દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાતચીત કરી હતી.**

શ્રી મોદીએ કહ્યું કે ભારત અને ચીન વચ્ચેનો સહયોગ સમગ્ર માનવતાના કલ્યાણનો માર્ગ મોકળો કરશે. શ્રી મોદીએ કહ્યું કે ભારત પરસ્પર વિશ્વાસ, આદર સાથે સંબંધોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે

---------------------------------------------------------------------------------------------

## ગૃહમંત્રી-રાજ્ય પ્રવાસ:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસના બીજા દિવસે આજે અમદાવાદમાં વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શાહ ઘાટલોડિયા વિસ્તારમાં વિવિધ સોસાયટીના અધ્યક્ષ અને સચિવ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા હતા. તેમણે લાલ દરવાજા વિસ્તારમાં અંદાજે 12 કરોડ રૂપિયાના ખર્ચે નવિનીકરણ કરાયેલા સરદાર બાગનું લોકાર્પણ કર્યું હતું. સરદાર બાગને લોકો માટે આજથી ખૂલ્લો મૂકાયો છે.

---------------------------------------------------------------------------------------------

## રવેચી માતાનો મેળો :

રાપર તાલુકાના રવ ગામે આવેલા યાત્રાધામ રવેચી માતાજીનો યોજાયેલા મેળામાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત સહીત મુંબઈ, પૂના વગેરે વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. આ મેળામાં ચકડોળ, ખાણીપીણી, રમકડાં અને મનોરંજનના સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ મેળા માટે રાપર એસટી ડેપો દ્વારા મુસાફરો માટે 33 વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## DPA-રાષ્ટ્રીય રમત દિવસ :

હોકીના જાદુગર મેજર ધ્યાનચંદને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ રૂપે, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ રાષ્ટ્રીય રમત દિવસ 2025 ની ઉજવણી કરી હતી, જેમાં અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકોમાં રમતગમત, તંદુરસ્તી અને એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

---

## સરહદ ડેરી-ચુકવણું:

સરહદ ડેરી સંયોજિત દૂધ મંડળીના પશુપાલકોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે ઐતિહાસિક 45 કરોડ રૂ. અંતિમ ભાવ માટે ના નવમાં રાઉન્ડનું ચૂકવણુ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર ના “સહકાર થી સમૃદ્ધિ” પ્રોજેક્ટ અંતર્ગત સરકારની સૂચના મુજબ 71 દૂધ મંડળીઓના 5258 પશુપાલકો ને 2 કરોડ 68 લાખ રૂપિયા સીધા તેમના બેન્ક ખાતામાં ચૂકવી આપવામાં આવ્યા હતા.

---

## આચાર્યોના તાલીમ વર્ગ:

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજ દ્વારા જિલ્લાની સરકારી અને અનુદાનિત શાળાઓના આચાર્યોનો એક દિવસીય તાલીમ વર્ગ ભુજ ખાતે યોજાયો હતો. વહીવટી બાબતોથી આચાર્યોને વાકેફ કરવાના ઉમદા હેતુથી યોજાયેલી આ તાલીમમાં , વિવિધ સ્કોલરશિપ, પરીક્ષાઓ, જમીન સંપાદન, એસ.એમ.ડી.સી., કર્મયોગી પોર્ટલ, રજાઓ અને તેના પ્રકારોની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી સમજૂતી આપવામાં આવી હતી.

જિલ્લામાં સર્વાધિક એ-વન વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓનું વિશેષ સન્માન કરાયું હતું, તો 100 ટકા પરિણામ ધરાવતી સરકારી અને અનુદાનિત શાળાના આચાર્યોને પણ સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પરમારે આ નવીન ઉપક્રમ બાબત ઉપસ્થિત આચાર્યોને વહીવટી બાબતોમાં કોઈ અડચણ વિના શાળાનું સંચાલન થઇ શકે તે હેતુથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળતા તમામ લાભો અંગે જાગૃત રહી કામગીરી કરવા સૂચન કર્યું હતું.

---

## તેરા તુજકો અર્પણ કામગીરી

ગાંધીધામ બી ડિવિઝન પોલીસે "તેરા તુજકો અર્પણ" અભિયાન અંતર્ગત પ્રજાલક્ષી કામગીરી કરી છે. પોલીસે ચોરીના એક ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. આ કેસમાં કોર્ટના આદેશ

**બાદ પોલીસે ફરિયાદીને રૂ. 3 લાખ બાર હજારની રકમ પરત કરી છે. આ કામગીરીથી પોલીસ અને નાગરિકો વચ્ચેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.**

---